**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**
**અમદાવાદ શહેર (P.R.O.)**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,**
**૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૯/૦૯/૨૦૨૩ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૪૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૨૯૨ લીટર દેશી દારૂ, ૯૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૨૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન, ૧ કર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૪૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### એ.ટી.એમ.મશીનમાંથી ચોરીઃ- સમાચાર યાદી નં.૧૫૪૮/૨૦૨૩

**મેઘાણીનગરઃ** નિલય નરસિંહભાઈ ટંડેલ (રહે. ઘનશ્યામનગર સોસાયટી અંધકલ્યાણ કેન્દ્રની બાજુમાં રાણીપ) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૯/૨૦૨૩ કલાક ૨/૦૦ થી ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બે પુરૂષ તથા અન્ય વાહન લઈને આવેલ પુરૂષોએ ભેગા મળી બંગ્લા એરીયા કુબેરનગર લક્ષ્મીનારાયણ મંદિર ટ્રસ્ટ બિલ્ડીંગ ખાતે આવેલ ઇન્ડસઇન્ડ બેંકનું એ.ટી.એમ.મશીન ગેસ કટરથી તોડી એ.ટી.એમ.મશીનમાંથી કેસેટ નંબર ત્રણ અને ચાર સહિત રૂપિયા ૧૦,૭૨,૦૦૦/- ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.જે.રાઠોડ ચલાવે છે.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૫૪૯/૨૦૨૩

**નરોડાઃ** મનિષાબહેન રાજુભાઇ પંચાલ (રહે. રેસીડેન્સી નરોડા બિઝનેશ હબ પાછળ હંસપુરા નરોડા) એ તા.૧૮/૦૯/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૯/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૧૬/૦૯/૨૦૨૩ કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, ચાંદીના સિક્કા અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**મણીનગરઃ** રમેશભાઇ કૈલાશભાઇ માળી (રહે. દેવી શ્યામ ફ્લેટ આનંદ પાર્ક સોસાયટી હેગડેવર ભવન સામે મણીનગર) એ મણીનગરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૯/૨૦૨૩ કલાક ૮/૩૦ થી તા.૧૮/૦૯/૨૦૨૩ કલાક ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના રસોડાની બારી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- અને ૨,૦૦૦ ઓસ્ટીલીયન ડોલર મળી કુલ રૂપિયા ૧,૫૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઇ.આઇ.સૈયદ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૦/૨૦૨૩**

**નારોલઃ** અંકિતકુમાર સ/ઓ મનકુલ રણવા (રહે. ચિરાગ રો-હાઉસ શિવાલીક સામે મોની હોટલના ખાંચામા નારોલ) એ તા.૧૬/૦૯/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગે રહેણાંક સોસાયટી બહાર ખુલ્લી જગ્યામાં પોતાની મહીન્દ્રા બોલેરો પીક-અપ ગાડી નંબર જીજે ૨૭ ટીડી ૫૨૧૬ કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૭/૦૯/૨૦૨૩ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ અંકિતકુમાર રણવા એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૧/૨૦૨૩**

**રામોલઃ** અહમદમોબીસ અહમદયુનુશ પઠાણ (ઉ.વ.૩૦) (રહે. ગુલાબનગર ખાનવાડી રામોલ) એ તા.૧૮/૦૯/૨૦૨૩ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણીની ઇલેકટ્રીક મોટર ચાલુ કરવા સ્વિચ ચાલુ કરતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મનુભાઇ વિરભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૨/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટઃ** સંદીપ સ/ઓ હિરાલાલ ગુપ્તા (ઉ.વ.૨૨) (રહે. મહેસ્વરી કોમ્પ્લેક્ષ પ્રકાશનગર ચાર રસ્તા ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૯/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભીમાભાઇ લાખાભાઇ ચલાવે છે.

**રખિયાલઃ** આઈસાબીબી વા/ઓ મોહમ્મદઅમીર અન્સારી (ઉ.વ.૨૪) (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ રખિયાલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૯/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી કે.કે.બુવળ ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** સમીર સ/ઓ કાસમભાઇ શેખ (ઉ.વ.૫૨) (રહે. મિર્ચી મોલવીનુ ડહેલુ જમાલપુર પગથીયા પાસે જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૯/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે મોભમા લગાડેલ લોખડની એંગલ સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પંકજકુમાર આત્મારામ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી